Community Resilience to Foreign Interference

# ડોક્સિંગ

## ડોક્સિંગ (અથવા ડોક્સિંગ) શું છે?

ડોક્સિંગ એટલે જ્યારે કોઈ વ્યક્તિ તમને પૂછ્યા વિના તમારી વ્યક્તિગત અથવા ખાનગી માહિતી ઓનલાઇન મૂકે છે. જેમાં તમારું પૂરું નામ, ઘરનું સરનામું, ફોન નંબર, તમે ક્યાં કામ કરો છો, અથવા તમારા પરિવારની સંપર્ક વિગતો પણ શામેલ હોઈ શકે છે. ઘણીવાર તેઓ તમને ડરાવવા, ધમકાવવા, હેરાન કરવા અથવા બિવડાવવા માટે માહિતીનો ઉપયોગ કરવા અન્ય લોકોને પ્રોત્સાહિત કરે છે.

**જો કોઈ વિદેશી રાષ્ટ્ર માટે અથવા તેના વતી ડોક્સિંગ કરવામાં આવે, તો આ વિદેશી હસ્તક્ષેપનું એક સ્વરૂપ છે.** વ્યક્તિગત અને ખાનગી માહિતી જાહેરમાં શેર કરવાથી કોઈની ગોપનીયતા, સુરક્ષા અને સલામતીને નુકસાન થઈ શકે છે.

## જો તમે ડોક્સ થયા હો, તો શું કરવું

### પરિવાર અને મિત્રોને કહો

જો તમને આરામદાયક લાગે, તો તમારા પરિવાર અને મિત્રોને શું થયું તે જણાવો, તેમને પણ નિશાન બનાવવામાં આવી શકે છે. તેમને તેમની સોશિયલ મીડિયા પ્રોફાઇલને ખાનગી પર સેટ કરવા માટે કહો.

### જ્યાં ઘટના બની હોય તે પ્લેટફોર્મ/વેબસાઇટ/એપ પર જાણ કરવી

જ્યાં ઘટના બની હોય તે વેબસાઇટ, એપ અથવા પ્લેટફોર્મ પર રિપોર્ટિંગ સુવિધાનો ઉપયોગ કરો. Netsafe ની સોશિયલ મીડિયા માર્ગદર્શિકાઓમાં આ કેવી રીતે કરવું તેની માહિતી છે.

### Netsafe ને રિપોર્ટ કરો

તમે Netsafe ને હાનિકારક સામગ્રીની જાણ કરી શકો છો: Netsafe - ને વિનંતી સબમિટ કરો . Netsafe તમને ઓનલાઇન સલામતી અંગે નિષ્ણાત સપોર્ટ, સલાહ અને સહાયતા પણ આપી શકે છે. સપોર્ટ મેળવવા માટે help@netsafe.org.nz પર ઇમેઇલ કરો અથવા 4282 પર 'Netsafe' લખીને મોકલો.

## પોલીસને જાણ કરો

જો તમને કોઈ જોખમ હોય, તો તાત્કાલિક 111 પર ફોન કરીને પોલીસને કૉલ કરો.

જો તે કટોકટી ન હોય, તો તમે આ પ્રકારે પોલીસનો સંપર્ક કરી શકો છો:

- 105 ઓનલાઇન ફોર્મ નો ઉપયોગ કરીને
- કોઈપણ મોબાઇલ અથવા લેન્ડલાઇન પરથી 105 પર કૉલ કરીને, આ સેવા મફત છે અને દેશભરમાં 24/7 ઉપલબ્ધ છે.

105 ફોર્મ પોલીસને તમારા રિપોર્ટ પર પ્રક્રિયા કરવામાં અને તમારી સાથે ફોલોઅપ કરવામાં મદદ મળે તે માટે તમારી કેટલીક અંગત માહિતી માંગે છે. **પોલીસ આ માહિતીનો ઉપયોગ ફક્ત પરવાનગી આપેલા હેતુઓ માટે જ કરે છે.**

## ન્યુઝીલેન્ડ સિક્યોરિટી ઇન્ટેલિજન્સ સર્વિસ (NZSIS) ને રિપોર્ટ કરો

જો તમને શંકા હોય કે તમારા ડોક્સિંગ પાછળ કોઈ વિદેશી રાષ્ટ્ર નો હાથ છે, તો તમે NZSIS ને તેમના સુરક્ષિત ઓનલાઇન ફોર્મ નો ઉપયોગ કરીને આની જાણ કરી શકો છો.

જો તમે ઇચ્છતા ન હો, તો તમારે તમારી અંગત માહિતી જેવી કે તમારું નામ, ફોન નંબર અથવા સંપર્ક વિગતો આપવાની જરૂર નથી. તમે તમારી ભાષામાં પણ ફોર્મ ભરી શકો છો. તમે જે માહિતી આપો છો તેબધી **ગુપ્ત અને સુરક્ષિત છે.**

જો તમે ન્યુઝીલેન્ડ સિક્યોરિટી ઇન્ટેલિજન્સ સર્વિસ (NZSIS) પર કોઈની સાથે વાત કરવા ઇચ્છો, તો તમે તેમને +64 4 472 6170 અથવા 0800 747 224 પર કૉલ કરી શકો છો.

### રિપોર્ટ કરતી વખતે Netsafe, પોલીસ અથવા NZSIS સાથે શેર કરવા માટેની માહિતી

રિપોર્ટ કરતી વખતે, શક્ય તેટલી વધુ વિગતો શામેલ કરવી મદદરૂપ થાય છે. સ્ક્રીનશોટ લેવાનો પ્રયાસ કરો અથવા નીચેની બાબતોની નકલ સાચવો:

- કઈ વ્યક્તિગત અથવા ખાનગી માહિતી શેર કરવામાં આવી હતી અથવા પોસ્ટ કરવામાં આવી હતી

- જે વ્યક્તિએ તેને શેર કર્યું છે તેની વપરાશકર્તા પ્રોફાઇલ અથવા એકાઉન્ટ (દા.ત. તેમનું વપરાશકર્તા નામ)
- માહિતી શેર અથવા પોસ્ટ કરવામાં આવી તે તારીખ અને સમય
- જ્યાં તે બન્યું હોય તે વેબસાઇટ અથવા એપનું નામ

## ડોક્સ થવાથી તમારી જાતને કેવી રીતે બચાવવી

### ઓનલાઇન સુરક્ષિત રહો

વધુ માહિતી માટે Keeping safe online જુઓ.

### ઓનલાઇન માહિતી શેર કરવામાં સાવધાની રાખો

તમારા સોશિયલ મીડિયા અને ઓનલાઇન એકાઉન્ટ્સ પર તમારી ગોપનીયતા સેટિંગ્સ તપાસો. તમારી પ્રોફાઇલ્સને ખાનગી પર સેટ કરો જેથી ફક્ત તમારા વિશ્વાસુ લોકો જ તમારી માહિતી જોઈ શકે.

### તમારા વિશે વેબ સર્ચ કરો

તમારા વિશે કઈ માહિતી જાહેરમાં ઉપલબ્ધ છે તે જોવા માટે તમારું નામ અને વ્યક્તિગત વિગતો જુઓ. તમારા સરનામા જેવી કોઈપણ વ્યક્તિગત અને ખાનગી માહિતી દૂર કરો જેનો ઉપયોગ અન્ય લોકો તમને નુકસાન પહોંચાડવા માટે કરી શકે છે.

### તમારા ઉપકરણો પર લોકેશન અને જીઓટેગિંગ સેટિંગ્સ મેનેજ કરો

સ્માર્ટફોન અને કેમેરા તમારા સ્થાન સેટિંગ્સનો ઉપયોગ કરીને ફોટામાં સ્થાનના ડેટા જોડી દઈ શકે છે. આનો ઉપયોગ તમારી વ્યક્તિગત માહિતી, જેમ કે તમારું ઘર અથવા તમારા બાળકોની શાળા શોધવા માટે થઈ શકે છે. જીઓટેગિંગ અથવા લોકેશન સેટિંગ્સ બંધ કરવું એ ઉપકરણ પ્રમાણે બદલાય છે, તેથી ચોક્કસ સૂચનાઓ માટે તમારા ઉપકરણના નામનો ઉપયોગ કરીને ઓનલાઇન શોધો.